# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ – ૩૮૦૦૦૬
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩, ૨૬૫૭૮૧૬૧, ૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
**Web : www.incgujarat.com** **E-mail : gpcc1234@gmail.com**

અખબારી યાદી ૨૮-૦૮-૨૦૨૫

## ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડા દ્વારા માનનીય વડાપ્રધાન શ્રી મોદીજીને કપાસ આયાત પર શૂન્ય શુલ્ક નીતિના સંદર્ભમાં દેશના લાખો કપાસ ખેડૂતોની માટે પ્રત્યક્ષ પ્રોત્સાહન યોજના તરફેણમાં જાહેર કરવા માટે પત્ર.

- કપાસનું વાવેતર કરનાર ખેડૂતોને ૧૫,૦૦૦ રૂપિયા પ્રતિ ગાંસડી પ્રત્યક્ષ સહાય (DBT) આપવાની કોંગ્રેસની માંગ
- એક તરફ આત્મનિર્ભર ભારતની મોટી મોટી વાતો કરવામાં આવે છે બીજી તરફ વિદેશો સામે આત્મસમર્પણ કરી દેવામાં આવે તેવા નિર્ણયો લેવાય છે.: શ્રી અમિતભાઈ ચાવડા
- ખેડૂતના ભોગે ઉદ્યોગપતિઓને લાભ કરવાની નીતિ કોઈપણ સંજોગોમાં ચલાવી નહીં લેવાય.: શ્રી અમિતભાઈ ચાવડા
- રૂની આયાત પર શૂન્ય જકાતની નીતિથી દેશના લાખો ખેડૂતો પાયમાલ થશે.: શ્રી જય નારાયણ વ્યાસ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડા તેમજ કોંગ્રેસના વરિષ્ઠ આગેવાન અને પૂર્વ કેબિનેટ મંત્રી શ્રી જયનારાયણ વ્યાસે રાજીવ ગાંધી ભવન ખાતે સંયુક્ત પ્રેસ વાર્તાને સંબોધી હતી.

રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમિતિના પ્રમુખ શ્રી અમિત ચાવડાએ રૂની આયાત પર શૂન્ય જકાતની કેન્દ્ર સરકારની નીતિની જોરદાર ઝાટકણી કાઢતા એને ખેડૂત વિરોધી જણાવી ભારત સરકારને કપાસનું વાવેતર કરનાર ખેડૂતોનાં હિતોનું રક્ષણ કરવા તાત્કાલિક પગલાં ભરવાની માંગ કરી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને નાણાં મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણને મોકલેલ પત્રમાં, શ્રી ચાવડાએ આ નીતિને 'ખેડૂત વિરોધી' અને ખેડૂતોના ખિસ્સામાંથી પૈસા કાઢીને મોટા ઉદ્યોગોને ફાયદો પહોંચાડનારી, મોટા મિલ તેમજ કાપડ ઉદ્યોગને જ લાભકર્તા જણાવી આ નીતિ સામે ખેડૂતો માટે કપાસની નવી સિઝન ઓક્ટોબરમાં આવી રહી છે ત્યારે આ પ્રકારની વિદેશી રૂની જકાતમુક્ત આયાતને

કારણે ડપિંગ થવાથી ભારતીય ખેડૂતના મોમાં આવેલો કોળિયો ઝૂંટવાઈ જશે તે બાબતે ભારત સરકારનું ધ્યાન દોર્યું છે.

શૂન્ય શુલ્કની નીતિથી કપાસના ભાવમાં ૫,૦૦૦ થી ૬,૦૦૦ રૂપિયા પ્રતિ ગાંસડી ઘટાડો થવાની આશંકા છે, જે ગુજરાતના લગભગ ૫૦ લાખ ખેડૂતોની આજીવિકા માટે ઘોર સંકટ ઊભું કરશે.

કોંગ્રેસે સરકારને એક વૈકલ્પિક માર્ગ સૂચવ્યો છે. જો સરકાર શૂન્ય જકાત નીતિ ચાલુ રાખે, તો પછી તેણે દરેક પાત્ર ખેડૂતને ૧૫,૦૦૦ રૂપિયા પ્રતિ ગાંસડીના દરે સીધી આર્થિક સહાય આપવી જોઈએ. આ રકમ ભાવમાં થયેલા ઘટાડાની ભરપાઈ કરવા માટે પર્યાપ્ત છે. કોંગ્રેસ ઉદ્યોગોને લાભ મળે તેના વિરુદ્ધમાં નથી પણ આવો લાભ ભારતનો કપાસ ઉગાડનાર ખેડૂત બરબાદ થઈ જાય તે રીતે ન અપાવો જોઈએ એમ સ્પષ્ટ રીતે માને છે. આ પ્રત્યક્ષ લાભ હસ્તાંતરણ (DBT-ડાયરેક્ટ બેનિફિસરી ટ્રાન્સફર) યોજના દ્વારા સહાય રાશિ સીધી ખેડૂતના હાથમાં મુકાવી જોઈએ જેથી ભ્રષ્ટાચારની શક્યતા ઓછી થશે અને ખેડૂતોને વાસ્તવિક લાભ મળશે.

શ્રી અમિત ચાવડાએ વધુમાં જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારની આ નીતિ ગુજરાતના અને દેશના ખેડૂતો સાથેનો વિશ્વાસઘાત છે. અમેરિકા જેવા દેશોના દબાવમાં આવીને સરકાર ખેડૂતોના હિતોને કિનારે લગાવી રહી છે. અમારી માંગ સરળ અને ન્યાયી છેઃ જો તમે ઉદ્યોગને બચાવવા ખેડૂતનો નુકસાન કરો છો, તો પછી તે નુકસાનની ભરપાઈ પણ તમે જ કરો.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ કેન્દ્ર સરકારને તાત્કાલિક રૂપે આ નીતિ પર પુનર્વિચાર કરવા અને ખેડૂતોના હિતમાં યોગ્ય નિર્ણય લેવા અપીલ કરી છે. સરકારે ખેડૂત નેતાઓ અને હિતધારકો સાથે સલાહ-મસલત કરીને એવી સંતુલિત નીતિ બનાવવી જોઈએ જે ઉદ્યોગ અને ખેડૂતો બંનેના હિતોનું રક્ષણ કરે.

ગુજરાતમાં મોટા પ્રમાણમાં કપાસનું ઉત્પાદન થાય છે અને દેશના કુલ કપાસ ઉત્પાદનમાં 25% થી વધુ કપાસ ઉત્પાદન ગુજરાતના ખેડૂતો કરી રહ્યા છે. ગુજરાત સહિત દેશના રાજ્યોના કપાસ ઉત્પાદક ખેડૂતોને તેમના ઇનપુટ કોસ્ટ થી પણ ઓછો કપાસનો ભાવ મળી રહ્યો છે અને તેમાં પણ પડ્યા પર પાટુ સમાન સરકાર દ્વારા ઈમ્પોર્ટ ડ્યુટી જે 11% હતી તેને શૂન્ય કરી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઓગસ્ટ મહિનામાં જ્યારે આ નિર્ણય લેવામાં આવ્યો ત્યારે તેનો સમગ્ર દેશમાં વિરોધ કરવામાં આવ્યો હતો અને ખેડૂતોને આશા હતી કે નિર્ણય પાછો ખેંચવામાં આવશે, 31 સપ્ટેમ્બર ના રોજ તેની અવધિ પૂરી થતી હતી પરંતુ સરકારે ઉદ્યોગપતિઓના હિતમાં આ નિર્ણયને 31 ડિસેમ્બર 2025 સુધી વધારવામાં આવ્યો છે. આથી સ્પષ્ટ થાય છે કે સરકાર ખેડૂત વિરોધી છે અને ખેડૂતોની કોઈપણ પ્રકારની ચિંતા નથી. આના કારણે વિદેશથી મોટા પ્રમાણમાં ઓછા ભાવે કપાસ ડમ્પ થશે અને દેશના ખેડૂતોને પોતાના વાવેતરનો પૂરતા પ્રમાણમાં ભાવ મળશે નહીં. આ નિર્ણયના કારણે ખેડૂતો ખૂબ જ તકલીફમાં છે અને આક્રોશમાં છે. કોંગ્રેસ ખેડૂતોની લડતમાં અને તકલીફમાં હંમેશા તેમની સાથે છે.

આખા દેશમાં વિદેશોથી જે કપાસ આયાત થાય છે તેમાં બીજા નંબરે અમેરિકામાંથી આયાત કરવામાં આવે છે. એક તરફ નરેન્દ્ર ભાઈ મોદીના મિત્ર "My Friend Trump" ભારત પર આકરી આયાત ડ્યુટી લગાવે છે બીજી તરફ એ જ અમેરિકા માટે આયાત ડ્યુટી શૂન્ય કરી દેવામાં આવે છે.

આથી સાબિત થાય છે કે આત્મનિર્ભર ભારતની મોટી મોટી વાતો કરવામાં આવે છે પરંતુ વિદેશો સામે જાણે આત્મસમર્પણ કરી દેવામાં આવે તેવા નિર્ણયો લેવામાં આવે છે.

કોંગ્રેસના વરિષ્ઠ આગેવાન અને પૂર્વ કેબિનેટ મંત્રી શ્રી જય નારાયણ વ્યાસે જણાવ્યું હતું કે ૨૦૨૪-૨૫માં ભારતમાં કપાસનું ઉત્પાદન અંદાજે ૩૧૨ લાખ ગાંસડી જેટલું થવા પામ્યું હતું. ભારતના મુખ્ય કપાસ ઉત્પાદક રાજ્યો ગુજરાત અને મહારાષ્ટ્રમાં કેટલાક ખેડૂતો કપાસને બદલે મકાઈ અને મગફળી જેવા પ્રમાણમાં વધુ નફાકારક પાક તરફ વળ્યા હોવાને કારણે કપાસનો વાવેતર હેઠળનો વિસ્તાર ૩ ટકા ઘટીને ૧૦૭લાખ હેક્ટર થયો હોવા છતાં પ્રમાણમાં સંતોષકારક વરસાદને કારણે વાવણી હેઠળના વિસ્તારમાં ઘટાડો થયો હોવા છતાં પણ કપાસનું ઉત્પાદન ઓક્ટોબર ૨૦૨૫થી શરૂ થતી કપાસની નવી સિઝનમાં અગાઉના વર્ષ જેટલું તો રહેશે જ એવું નિષ્ણાતોનું માનવું છે. ખેતી સીધી અને આડકતરી રીતે દેશમાં લગભગ 50% થી વધારે રોજગારી પૂરી પાડે છે. કપાસની આયાત ડ્યુટી શુન્ય કરવાનો નિર્ણય અમેરિકાના ટેરીફ ના દબાણમાં લેવાયો હોય તેમ લાગી રહ્યું છે. અમેરિકામાં ખેડૂતોને ખેતર દીઠ લગભગ 54 લાખ રૂપિયા જ્યારે તેની સામે ભારતમાં ખેતર દીઠ માત્ર 40,000 રૂપિયા સબસીડી મળે છે આમાં પ્રકારની હરિફાઈમાં આપણું ખેડૂત ટકી શકે નહીં આના કારણે દેશની GDP માં ૨% થી ૩% નો ઘટાડો થશે. આજ રોજ ગુજરાત કોંગ્રેસ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિત ચાવડાએ વડાપ્રધાન શ્રી ને પત્ર લખીને ઉપરોક્ત બાબતે જે ચિંતા વ્યક્ત કરી છે તેનું જલ્દીથી નિરાકરણ લાવવું જરૂરી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ખાતે આયોજિત ઉપરોક્ત પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્ય શ્રી જીગ્નેશભાઈ મેવાણી, મીડિયા કન્વીનર ડો મનીષ દોશી, પ્રવક્તા અને મીડિયા કોર્ડીનેટર શ્રી હેમાંગ રાવલ તથા પ્રવક્તા શ્રી હિરેન બેન્કર ઉપસ્થિત રહ્યા હતા




હેમાંગ મહિપતરામ રાવલ

મીડિયા કોર્ડીનેટર અને પ્રવક્તા

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

૯૮૯૮૨૩૩૦૩૮


બિડાણ:

૧. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડા દ્વારા માનનીય વડાપ્રધાન શ્રી મોદીજીને કપાસ આયાત પર શૂન્ય શુલ્ક નીતિના સંદર્ભમાં પત્ર.

૨. કપાસના ઉત્પાદન સંદર્ભે સંકલિત કરેલ માહિતી.